**સાહિત્ય સંગોષ્ઠિ** | **જ્ઞાનનો ઉત્સવ શ્રી રાજસોભાગ આશ્રમમાં તા.16-17-18 ડિસેમ્બર દરમિયાન યોજાશે**

# ગુજરાતી સાહિત્ય પરિષદનું 33મું જ્ઞાનસત્ર સાયલામાં યોજાશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાતની અગ્રગણ્ય સાહિત્ય સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૩મું જ્ઞાનસત્ર શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલા ખાતે તા.૧૬-૧૭-૧૮ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન યોજાશે.

ગુજરાતી સાહિત્યની સૌથી મોટી ઘટના એટલે ગુજરાતી સાહિત્ય પરિષદનું વાર્ષિક અધિવેશન-જ્ઞાનસત્ર. ત્રણ દિવસ ચાલનારા આ જ્ઞાનસત્ર ખરા અર્થમાં જ્ઞાનનો ઉત્સવ બની રહેશે.આશરે ૩૦૦ સાહિત્યરસિક ભાવકો અને ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ જ્ઞાનસત્રમાં રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. યજમાન સંસ્થા વતી કુમારપાળ દેસાઈનું આવકાર ઉદ્બોધન, સંસ્થાના ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના મંગળવચનથી જ્ઞાનસત્રનો પ્રારંભ થશે. ત્યારબાદ ઉદ્ઘાટન બેઠકના ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ સૌ સાહિત્યકારો-સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓને આવકારશે અને પરિષદ પ્રવૃત્તિઓનો અહેવાલ આપશે. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટી રઘુવીર ચૌધરી પ્રાસંગિક ઉદ્બોધન કરશે. આ બેઠકના અંતે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પ્રકાશ ન. શાહનું પ્રમુખીય વક્તવ્ય થશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ 2018-2019નાં પારિતોષિક વિજેતાઓ જાહેર

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રતિ બે વર્ષે પારિતોષિકો આપતી હોય છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના પારિતોષિકો વિજેતાઓને તા.૧૬-૧૭-૧૮ ડિસેમ્બર દરમિયાન યોજાનારા ૩૩માં જ્ઞાનસત્રમાં પરિષદ પ્રમુખ પ્રકાશ ન. શાહના હસ્તે અપાશે. જેમાં શ્રી **ભગિની નિવેદિતા પારિતોષિક**: પારુલ ખખ્ખર - કલમને ડાળખી ફૂટી (૨૦૧૮),પૂજા તત્સત-એન્ટરપ્રિન્યોર (૨૦૧૯), **શ્રી અરવિંદ(સુવર્ણચંદ્રક) પારિતોષિક** : દિનેશ દેસાઈ- (મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી(૨૦૧૯).**શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક** : રમણીક સોમેશ્વર- શાહીનું ટીપું(૨૦૧૯).**શ્રી.પ્ર.ત્રિવેદી પારિતોષિક**: ડો.ચંદ્રકાન્ત મેહતા - શિક્ષણની પ્રદક્ષિણા(૨૦૧૯) સહિત ૪૧ સાહિત્ય સર્જકોને પારિતોષિક એનાયત કરાશે.

ત્રણ દિવસ ચાલનારા આ જ્ઞાનસત્રમાં અતિથિવિશેષ તરીકે એક ભારતીય સર્જક ઉપસ્થિત રહેતા હોય છે. આ વર્ષે એક યુવાન ભારતીય સર્જક ક્રિષ્ના કિમ્બહુને ઉપસ્થિત રહેશે. ક્રિષ્ના કિમ્બહુને મરાઠી વાર્તાકાર, અનુવાદ અને વિવેચક છે. તેઓ 'સાહિત્યમાં કથન અને ભાવન' પર વ્યાખ્યાન આપશે. જ્ઞાનસત્રની અન્ય બેઠકોમાં તા.૧૬મીએ શતાબ્દી વંદના : મકરંદ દવેની જન્મશતાબ્દી નિમિત્તે તેમની કવિતા વિશે સંધ્યા ભટ્ટ, નવલકથા વિશે મહેન્દ્રસિંહ પરમાર અને તેમના સંસ્કૃતિ ચિંતન વિશે મનોજ રાવલ વાત કરશે. સોળમીએ સાંજની બેઠક 'સાહિત્યનું સરવૈયું' છે. જેમાં સર્નીણ સાહિત્યની અભ્યાસીઓ દ્વારા સમીક્ષા થશે. ૨૦૨૦-૨૧ની કવિતા વિશે જયંત ડાંગોદરા, ટૂંકીવાર્તા વિશે રાધવજી માધડ, નવલકથા વિશે ચૈતાલી ઠક્કર, નિબંધ વિશે યશોધર રાવલ, નાટક વિશે શૈલેષ ટેવાણી વાત કરશે. આ બેઠકના અધ્યક્ષ મનસુખ સલ્લા છે. તા.૧૬મીએ રાત્રે રાજસોભાગ સત્સંગ મંડળ દ્વારા નાટક 'તેજોવલય' પ્રસ્તુત કરાશે. સતરમીએ સવારે સરવૈયાની બેઠકમાં ૨૦૨૧-૨૧ના વિવેચન વિશે અનિરુદ્ધસિંહ ગોહિલ, સંશોધન વિશે અભય દોશી, અનુવાદ વિશે કાશ્યપી મહા, બાળસાહિત્ય વિશે નટવર પટેલ વાત કરશે. બંને બેઠકોના અધ્યક્ષ પરેશ નાયક છે. સતરમીએ બપોરની બેઠક 'સાહિત્યમાં રાષ્ટ્રીય અસ્મિતા' છે. જેમાં અધ્યક્ષ સ્થાને નરોત્તમ પલાણ છે. આ બેઠકમાં ભારતીય સાહિત્યમાં રાષ્ટ્રીય અસ્મિતા વિશે ભરત મહેતા અને ગુજરાતી સાહિત્યમાં રાષ્ટ્રીય અસ્મિતા વિશે મીનળ દવે વાત કરશે. ત્યારપછીની બેઠક સાહિત્ય અને બદલાતું મીડિયા છે જેના અધ્યક્ષ રૂપલ મહેતા છે. આ બેઠકમાં પ્રિન્ટ મીડિયા વિશે જવલંત છાયા, ડિજિટલ મીડિયા વિશે મનીષ મહેતા વાત કરશે. સતરમીએ સાંજે હાજર કવિઓનું કવિ સંમેલન યોજાશે જેના અધ્યક્ષ માધવ રામાનુજ છે. સત્તરમીએ રાતે જગદીશ ત્રિવેદી દ્વારા હરિવંશરાય બચ્ચનકૃત મધુશાલાના ગુજરાતી અનુવાદની સાંગીતિક પ્રસ્તુતિ થશે. જ્ઞાનસત્રના ત્રીજા દિવસે સવારે ઝાલાવાડના સાહિત્યકારોના પ્રદાનની બેઠક યોજાશે જેના અધ્યક્ષ પ્રફુલ્લ રાવલ છે. ઝાલાવાડના સાહિત્યકારોના ગદ્ય વિશે જનક રાવલ, પદ્ય વિશે એસ.એસ. રાહી વાત કરશે. જ્ઞાનસત્રના અંતે ગુજરાતી સાહિત્ય પરિષદની સામાન્ય સભા યોજાશે. પરિષદ પ્રમુખનું સમાપન ઉદ્બોધન, ઠરાવ, પ્રતિભાવો અને આભારવિધિ સાથે જ્ઞાનસત્ર સંપન્ન થશે. જ્ઞાનસત્રને સફળ બનાવવા ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ સાથે પરિષદના હોદ્દેદારો, મંત્રીઓ અને કેળવણીકાર ચંદ્રકાન્ત વ્યાસ જહેમત ઉઠાવી રહ્યા છે.